જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૭/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૧૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૩ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪,૯૧,૨૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૨૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૨૧/૨૦૨૫**

ક્રાઇમ બ્રાંચઃ વિશાલ રાજકુમાર ગોકલાણી (ઉ.વ.૨૮)(રહે.ડોકટર શ્રીજી હાઇસ્કુલ સરદારનગર) એ તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૩/૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન VIBH CONNECT LLP ની કંપની ઓફિસ નંબર–૬૦૪, યશ અનંત કોમ્પ્લેક્ષ, આત્મા હાઉસની પાસે, આશ્રમરોડ, નવરંગપુરા ખાતે SIA KIA TRADING INDIA PVT.LTD ના ભાગીદારો આરોપી (૧) અભિષેક જૈન રહે. બ્લોક A/274 સેક્ટર 43, નોઈડા, (યુ.પી.) (૨) સોધાર્મ જૈન રહે. બ્લોક A/274 સેક્ટર 43,નોઈડા,યુ.પી.) (૩)રિતુલ લુહાડીયા રહે. જૈન ઈન્ફોકોમ, 1/1 એમ.આઈ.જી કોલોની, એ.બી.રોડ,ઈન્દોર (મ.પ્ર) (૪)નિર્મલ જૈન રહે. જૈન ઈન્ફોકોમ, 1/1 એમ.આઈ.જી કોલોની, ડૉ.રવિ ભાટીયા સામે, એ.બી.રોડ,ઈન્દોર (મ.પ્ર) (૫) અશોક જૈન રહે. મંગલાયતન, અલીગઢ બ્લોક A/274 સેક્ટર 43,નોઈડા,(યુ.પી.) (૬)આશુતોષ અગ્રવાલ રહે. અંજની ઈન્ટરનેશનલ ફ્લેટ નં.301/72, લક્ષ્મી ભવન, નહેરુ પેલેસ, નવી દિલ્હી) એ ભેગામળી અંજની ઈન્ટરનેશનલના પ્રોપરાઈટર સાથે ટેલીફોનીક તેમજ રૂબરૂમા જઈ વાત કરતા, વિશાલ ગોકલાણીએ આપેલ ઓર્ડર મુજબના મોબાઇલ ફોન નહી આપી તેમજ એપલ ઇન્ડીયા કંપનીના ખોટા બનાવટી વાઉચર બીલો બનાવી તે બીલો વિશાલ ગોકલાણીને બતાવી વિશ્વાસમાં લઇ તેમની ફર્મ દ્વારા આપેલ અલગ–અલગ મોડલના એપલ કંપનીના મોબાઇલ ફોન પેટે વિશાલ ગોકલાણી પાસેથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૪૦,૧૦,૬૯,૫૦૦/– મેળવી લઇ તે પેટે વિશાલ ગોકલાણીની ફર્મને ૧૨,૧૫,૭૩,૬૦૦/– મતાના મોબાઇલ ફોન ટુકડે–ટુકડે મોકલી આપી, બાકીના રૂપિયા ૧,૬૦,૦૦,૦૦૦/– પરત વિશાલ ગોકલાણીના ફર્મના ખાતામાં મોકલી આપી, લેણા નિકળતા કુલ રૂપિયા ૨૬,૩૪,૯૫,૯૦૦/– પરત નહીં આપી તેમજ મોબાઇલ ફોન પણ નહીં આપી વિશાલ ગોકલાણી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.પી.ચૌહાણ ચલાવે છે.

અમરાઇવાડીઃ વિપુલ રોહીતભાઇ નંદાણી (ઉ.વ.૪૧) (રહે. તરપોજ વાસ ગામ વાવોલ તા.જી.ગાંધીનગર) એ તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમરાઇવાડી ખોખરા સર્કલ પાસે પરીષ્કાર ફ્લેટની બાજુમાં ટ્રેડ સ્ક્વેર ખાતે વિપુલ નંદાણી નાઓની પહલ ફાયનાન્સ કંપનીમાં માઈક્રો ફાયનાન્સ ફિલ્ડ કોર્ડીનેટર તરીકે નોકરી કરતા રોનક કેશવભાઇ રાઠોડ (રહે. નવો વાસ કડીયા નાંકા પાસે ઓઢવ) એ માહે ડીસેમ્બર-૨૦૨૪ થી ફ્રેબ્રુઆરી-૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન લોનના હપ્તા ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૧.૧૮.૨૫૫/- કલેકશન કરી પહલ ફાયનાન્સમાં જમા નહી કરાવી ઠગાઈ કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૦૨૨/૨૦૨૫**

નવરંગપુરાઃ નિરાલી ડો/ઓ દુશ્યંતભાઈ શાહ (ઉ.વ.૩૧) (રહે. કોમલ એન્કલેવ નવનીત હોલ પાસે શાંતિવન પાલડી) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૫ સવારના ૯/૧૫ થી બપોરના ૧/૪૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ હોટલ રિજન્ટા પાસે સન સ્ક્વેર બિલ્ડીંગના પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- તથા ચાંદીના સિક્કા નંગ-૪ કિમત રૂપિયા ૪૮૦૦/-, આઇફોનનું ચાર્જર, વિવો ફોનનુ ચાર્જર, વન ટુ વન કંપનીનુ પાવર બેન્ક, એપલ ઇયર બર્ડનો વાયર, તેમજ જરૂરી દસ્તાવેજ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

પર્સ ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૦૨૩/૨૦૨૫**

સાબરમતીઃ હર્ષિદાબહેન વિ.ડો/ઓ અતુલભાઈ જાની (ઉ.વ.૬૧) (રહે. સ્વાતી ક્રિષ્નાંતા સોસાયતી ઓ-૭ ક્લબ રોડ શેલા ગામ બોપલ) નાઓ તા.૧૯/૦૭/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી ટોરેન્ટ પાવસ હાઉસ સામે ચિમનભાઈ બ્રીજના છેડેથી ઓટો રીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ હર્ષિદાબહેનના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાની વીંટીઓ, મોબાઈલ ફોન તેમજ રોકડ રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ હર્ષિદાબહેન જાનીએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

વીજ કરંટ લાગતાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૨૪/૨૦૨૫**

ખોખરાઃ દિપકભાઈ રાધેશ્યામ સેવતા (ઉ.વ.૨૭) (રહે. બ્લોક નં.આર/૩૦૫ હોમટાઉન-૪ તેજન્દ્ર-૭ સામે ત્રાગડ રોડ ચાંદખેડા) નાઓ તા.૨૩/૦૭/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે હાટકેશ્વર સ્મશાનગૃહ ખાતે ખૂલ્લી જગ્યામા ઇલેક્ટ્રીક મોટર ચાલુ કરી પાણી ખાલી કરતા હતા દરમ્યાન પાણીની ઇલેક્ટ્રીક મોટર પાણીની અંદરથી બહાર કાઢતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજયું છે. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.સી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૨૫/૨૦૨૫**

માધવપુરાઃ (૧) રવિચંદ્ર પ્રકાશચંદ્ર શર્મા (ઉ.વ.૩૪) (રહે. નિલકંઠ એપાર્ટમેન્ટ ઇદગાહ બ્રીજ પાસે માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૫ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી અમિતસિંહ ગુણવંતસિંહ ચલાવે છે.

માધવપુરાઃ (૨) વિશાલ રમેશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૦) (રહે. કમુમીયાની ચાલી શાહપુર સ્ટેશનની બાજુમાં શાહપુર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૫ બપોરના ૩/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મુકેશભાઈ માવાભાઈ ચલાવે છે.

વાસણાઃ મુકેશભાઇ જીવણભાઇ દાંતણીયા (ઉ.વ.૪૩) (રહે. જડીબાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૩૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતમાં પંખાની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હિમતસિંહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ રિતેશભાઈ સ/ઓ કાંતિભાઈ પટેલ (ઉ.વ.૪૭) (રહે. ખોડીયાર હોમ્સ જનસેવા કેન્દ્ર પાછળ નવા નરોડા કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને નિકોલ હારમોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં દરમ્યાન સારવાર દરમ્યાન બપોરના ૩/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું છે. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાલીશકુમાર બીપીનભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી